# Commissionerate of Schools

Government of Gujarat

Block No. 9, 1st Floor, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010

E-mail: ssmadhyamik2@gmail.com, jointdirectors@gmail.com Te. No. : 079 23254911


**ક્રમાંક : અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૨/[illegible]** તા.[illegible]/૧૦/૨૦૨૨

**<u>વંચાણે લીધા:-</u>**

1. શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૧૧ ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૨/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી
2. શિક્ષણ વિભાગના તા.૨૫/૦૭/૧૭ ના જાહેરનામા ક્રમાંક :જીએચ/ એસએચ/ ૭૭/બીએમએસ/ ૧૧૧૫/ ૧૨૯૫/જી
3. કમિશ્નર શાળાઓની કચેરીના તા.૧૪/૦૭/૨૦૨૦ ના પત્ર ક્રમાંક:અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૦/ ૧૨૪૮૭
4. શિક્ષણ વિભાગના તા.૦૮/૦૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૨૦૨૦-૬૮૭-ગ
5. કમિશ્નર શાળાઓની કચેરીના તા.૦૯/૦૩/૨૦૨૧ ના પરીપત્ર ક્રમાંક:ઓડીટ/જીઆઈએ/બહાલી/૨૦૨૧/ ૬૩૨-૬૮૮
6. કમિશ્નર શાળાઓની કચેરીના તા.૦૯/૦૬/૨૦૨૧ ના પરીપત્ર ક્રમાંક:ઓડીટ/જીઆઈએ/બહાલી/ ૨૦૨૧/ ૧૮૬૭-૧૯૦૧
7. માન. નિયમાકશ્રીના નોંધ પર તા.૨૦/૧૦/૨૨ ના રોજ મળેલ આદેશ અનુસાર

**<u>પરિપત્ર: -</u>**

રાજ્યની લઘુમતિ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંકને કામચલાઉ અને કાયમી બહાલી આપવા અંગે શિક્ષણ વિભાગના ઠરાવ તા.૦૮/૦૧/૨૧ ના વંચાણે લીધા ક્રમાંક: (૪) થી કામચલાઉ બહાલી અંગે અપીલ સાંભળવાની તથા કાયમી બહાલીના નિર્ણય અંગેની આખરી સત્તા કમિશનરશ્રી (શાળાઓ) આપવાનું ઠરાવવામાં આવેલ છે.

સદર બાબતે કમિશનર શાળાઓની કચેરીના તા.૦૯/૦૩/૨૧ ના વંચાણે લીધા ક્રમાંક: (૫) થી કાયમી બહાલી મંજુર/ના-મંજુરીની ફાઈલો સંયુક્ત નિયામક (હિસાબ) હસ્તકની ઓડિટ શાખાને રજુ કરવા અંગે પરિપત્ર કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક: (૭) ના નોંધ પરના આદેશથી શિક્ષણ વિભાગના તા.૦૮/૦૧/૨૧ ના ઠરાવની જોગવાઈ નં. ૬ અન્વયે રાજ્યની લઘુમતિ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંકને કાયમી બહાલીને મંજુર/ના-મંજુર કરવાની સત્તા તથા જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા કામચલાઉ બહાલી નકારવાના કિસ્સામાં કામચલાઉ બહાલી માટે શાળા મંડળ દ્વારા કરવામાં આવતી અપીલ ગ્રાહ્ય /અગ્રાહ્ય રાખવાની સત્તા સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક) ને હસ્તક કરવામાં આવેલ છે,

તથા કાયમી બહાલી નકારવાના કિસ્સામાં કાયમી બહાલી મેળવવા માટે શાળા મંડળ દ્વારા કરવામાં આવતી અપીલ ગ્રાહ્ય/અગ્રાહ્ય રાખવાની સત્તા માન. નિયામકશ્રી શાળાઓ, ના હસ્તગત રાખવામાં આવેલ છે. આ અંગેની ફાઈલ માન. નિયામકશ્રી સમક્ષ માધ્યમિક શાખા દ્વારા રજુ કરવાના આદેશ મળેલ છે.

Scanned by CamScanner

ઉપરોક્ત વિગતે, હવે પછીથી શિક્ષણ વિભાગના ઠરાવ તા.૦૮/૦૧/૨૧ ના ઠરાવ અન્વયે આપના જિલ્લાની લઘુમતિ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંકને કાયમી બહાલીની દરખાસ્તો તથા કામચલાઉ બહાલી નકારવાના કિસ્સામાં કામચલાઉ બહાલી માટે શાળા મંડળ દ્વારા કરવામાં આવતી અપીલની દરખાસ્તો સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક) સમક્ષ રજુ કરવાની રહેશે તથા કાયમી બહાલી નકારવાના કિસ્સામાં કાયમી બહાલી મેળવવા માટે શાળા મંડળ દ્વારા કરવામાં આવતી અપીલ માન. નિયામકશ્રી (શાળાઓ) સમક્ષ માધ્યમિક શાખા મારફત રજુ કરવાની રહેશે.

- શિક્ષણ વિભાગના ઠરાવ તા.૦૮/૦૧/૨૧ ના ઠરાવ અન્વયે લઘુમતિ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી સબબ નીચે મુજબની કાર્યવાહી ફરજિયાત પણે અનુસરવાની રહેશે,

(1)રાજ્યની લઘુમતિ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંડળ દ્વારા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, તે જ દિવસે જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરીને કામચલાઉ બહાલી અંગે દરખાસ્ત કરવાની રહેશે.

(2)જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા દિન-૦૩માં કામચલાઉ બહાલી અંગે નિર્ણય કરવાનો રહેશે. કામચલાઉ બહાલી આપવાપાત્ર હોય તેવા કિસ્સાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા તમામ ચકાસણી કરી તદ્દન હંગામી ધોરણે કામચલાઉ બહાલી આપવાની રહેશે.

(3)જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા કામચલાઉ બહાલી અંગે નિર્ણય કર્યા બાદ, દિન-૩૦માં કાયમી બહાલી આપવા બાબતે સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક) સમક્ષ દરખાસ્ત કરવાની રહેશે.

(4) જિલ્લાશિક્ષણાધિકારીશ્રી કક્ષાએથી તદ્દન હંગામી કામચલાઉ બહાલી આપ્યા બાદ શાળા પસંદગી પામેલ કર્મચારીને નિમણૂંક આપે અને નિમણૂંક પામનાર કર્મચારી શાળામાં હાજર થાય તે તારીખથી જ એમ્પ્લોઈ નંબર ફાળવી પગાર શરૂ કરવાનો રહેશે. પગાર શરૂ કરવામાં કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા આપવામાં આવતી કાયમી બહાલી મળે ત્યાં સુધી રાહ જોવાની રહેશે નહિં. પરંતુ કાયમી બહાલી ના-મંજુર કરવાના પ્રસંગે પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક રદ્દ ગણાશે તે શરતે જ પગાર શરૂ કરવાની મંજુરી આપવી.

(5)જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા રજુ કરવામાં આવતી કાયમી બહાલીની દરખાસ્તો તથા કામચલાઉ બહાલી નકારવાના કિસ્સામાં કામચલાઉ બહાલી માટે શાળા મંડળ દ્વારા કરવામાં આવતી અપીલની દરખાસ્તો સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક) સમક્ષ રજુ કરવાની રહેશે.

(6)કાયમી બહાલી નકારવાના કિસ્સામાં કાયમી બહાલી મેળવવા માટે શાળા મંડળ દ્વારા કરવામાં આવતી અપીલની દરખાસ્ત માન. નિયામકશ્રી (શાળાઓ) સમક્ષ માધ્યમિક શાખા મારફત રજુ કરવાની રહેશે.

(7)જે લઘુમતિ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની કાયમી બહાલી પડતર હોય તેવી તમામ દરખાસ્તો જિલ્લાશિક્ષણાધિક્ષણાધિકારીશ્રી કચેરી કક્ષાએ મંગાવી સત્વરે કમિશનર શાળાઓની કચેરીને ફાઈલ રજુ કરવાની રહેશે તથા જિલ્લામાં કોઇપણ કાયમી બહાલી પડતર નથી તે અંગેની બાંહેધરી આપવાની રહેશે.

(8)જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા લઘુમતિ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળા મંડળ દ્વારા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની સહાયક તરીકેની પાંચ વર્ષની સેવા પૂર્ણ થયા બાદ નિયમિત નિમણૂંકમાં સમાવવાની નિયમાનુસારની કાર્યવાહી કરવાની રહેશે.



Scanned by CamScanner

શિક્ષણ વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૯, તા.૦૩/૧૦/૨૦૦૯ અને તા.૧૫/૧૦/૨૦૦૯ના ઠરાવની અન્ય વિગતો અને શરતો યથાવત રહેશે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેવા તથા સદર બાબતો અન્વયે જરૂરી જાણ આપના તાબા હેઠળની સબંધિત શાળાઓને કરવા આથી જણાવવામાં આવે છે.

**માન. નિયામકશ્રીના નોંધ પરના આદેશ અન્વયે**

(ડૉ.બી.સી.સોલંકી)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

ક્રમાંક:- મા.વિ.૨/લઘુમતિ શાળા બહાલી /૨૦૨૨/૬૩૪૬૨

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
પાલનપુર,બનાસકાંઠા
તા.૨૭/૧૦/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. લઘુમતિ શાળાઓ(તમામ)
જિલ્લો.બનાસકાંઠા,

ઉક્ત પરિપત્રની નકલ જાણ-વ-અમલ સારૂ..

જિલ્લાશિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

Scanned by CamScanner